Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/ ૬૮૭૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૪ /૦૫/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તરફ

જિ-સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

Scanned with CamScanner

નથી. જેની સીધી જ અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડી રહેલ છે. આથી, સદરહુ બાબતને ટોચ અગ્રતા આપી, સંબધિતોને જરૂરી સૂચનાઓ તાત્કાલિક આપવા પુનઃ જણાવવામાં આવે છે.

આપની વિશ્વાસુ,

( સુનયના તોમર )

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે રવાના:

૧. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

૨. કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૯/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના હસ્તકની જિલ્લા કચેરીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

૪. SLBC, Bank of Baroda, Dena Laxmi Bhavan, 3rd Floor, 188-A, Ashram Road, Nr. City Gold, Ahmedabad – 380009

- તમામ બેંકને વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા તાત્કાલિક લીંક કરવા તેમજ જે આધાર નંબર – બેંક ખાતા લીંક થાય / Adhar Enabe for DBT થાય તે અંગેની માહિતી રોજે રોજ NPCI ને મોકલવા જરૂરી સૂચના આપવા સારૂ

૫. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોકનં: ૪/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ક્રમાંક પ્રાશિનિ/સંકલન/છ-૨/૨૦૨૩/૧૬૬૦-૯૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૦૩/૦૫/૨૦૨૩

ગુજરાત સરકર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:SJED/ASO/172022/50/G તા.૨૬/૦૪/૨૦૨૩ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારૂ . . .

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (બધા) તરફ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner

YEARS OF CELEBRATING THE MAHATMA

સુનયના તોમર, આઈ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ

सत्यमेव जयते

ક્ર: SJED/ASO/172022/50/G
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ગુજરાત સરકાર
૫/૯, સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા: 26/4/2023

પ્રતિ,
કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી,
જિ.................... (તમામ)

વિષય: કેન્દ્ર પુરસ્કૃત "Post matric Scholarship to SC Students" & "Pre Matric Scholarship to SC Students and Others" યોજના હેઠળ આવતા વિદ્યાર્થીઓના આધારનંબર – બેંક ખાતા લીંક કરાવવા/ Adhar Enable for DBT બાબત.

સંદર્ભ: ૧. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, તા:૧૪/૦૩/૨૨નો પત્ર ક: K-11027/1/2021-SCD-V
૨. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, તા:૩૧/૦૩/૨૧નો પત્ર ક:14011/04/2019/SCD-V
૩. આ વિભાગનો તા.૧૫/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: SJED/ASO/172022/50/G

મહોદય/મહોદયા,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે કેન્દ્ર પુરસ્કૃત "Post matric Scholarship to SC Students" & "Pre Matric Scholarship to SC Students and Others" યોજના હેઠળ વર્ષ:૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિની ચુકવણીની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવેલ છે. ઉક્ત બન્ને યોજનાઓમાં અગાઉ વિદ્યાર્થીઓને ૧૦૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવતી હતી અને કેન્દ્ર સરકારનો હિસ્સો કેંદ્ર સરકાર પાસેથી મેળવી લેવામાં આવતો હતો. જ્યારે નવી માર્ગદર્શિકા મુજબ વર્ષ ૨૦૨૨-૨૩ થી વિદ્યાર્થીઓને ૪૦:૬૦ (રાજ્ય: કેન્દ્ર)ના રેશિયોમાં શિષ્યવૃત્તિ ચૂકવવાનું નક્કી કરવામાં આવેલ છે એટલે કે પ્રથમ ૪૦% શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીને ચૂકવ્યા બાદ બાકીની ૬૦% શિષ્યવૃત્તિની રકમ કેન્દ્ર સરકારશ્રી દ્વારા સીધી લાભાર્થીને ચૂકવવામાં આવે છે.

૨. વધુમાં, અગાઉ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ Bank based એટલે કે વિદ્યાર્થી દ્વારા ફોર્મ ભરતી વખતે જે બેંક એકાઉન્ટની વિગતો ભરવામાં આવતી હતી તે જ એકાઉન્ટમાં શિષ્યવૃત્તિની રકમ જમા કરવામાં આવતી હતી. પરંતુ, તા:૦૮/૦૯/૨૦૨૨ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, દિલ્હી ખાતે મળેલ બેઠકમાં કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ સૂચના મુજબ વર્ષ-૨૦૨૨-



Scanned with CamScanner

૨૩ થી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનું ચુકવણું હવેથી Aadhar based કરવાનું રહે છે એટલે કે લાભાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક થયેલ હોય તે જ બેંક ખાતામાં શિષ્યવૃત્તિની રકમ જમા કરવાની રહે છે.

૩. ઉક્ત યોજનાઓ અંતર્ગત સીસ્ટમમાંથી મેળવવામાં આવેલ માહિતી મુજબ, પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અન્વયે અંદાજે ૪૫% વિદ્યાર્થીઓના જ આધાર નંબર- બેંક ખાતા સાથે લીંક થયેલ છે, જ્યારે પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અંદાજે ૭૦% વિદ્યાર્થીઓના જ આધાર નંબર- બેંક ખાતા લીંક થયેલ છે. વધુમાં, લીંક થયેલ બેન્ક ખાતાઓ પૈકી ઘણા કિસ્સાઓમાં આધાર નંબર DBT Enable કરવામાં આવેલ નથી. જેથી બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓના આધાર નંબર-બેંક ખાતા લીંક કરવાની કામગીરી કરવાની થાય છે અને જો આધાર નંબર DBT Enable ન થયા હોય તો તે પણ કરાવવાના રહે છે. ત્યારે આ યોજનાઓનો સુગમતાથી અમલ થઇ શકશે.

૪. જે વિદ્યાર્થીઓના આધાર નંબર – બેંક ખાતા સાથે લીંક થયેલ નથી અથવા Aadhar DBT Enable થયેલ નથી તેઓની વિગતો સંબંધિત શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પરના લોગીનમાંથી મેળવી શકે છે. ઉપરોક્ત બંને કામગીરીઓ હાથ ધરવા માટે વિદ્યાર્થી/શાળા-કોલેજોએ અનુસરવાની થતી કાર્યપદ્ધતિ બાબતે સમગ્ર રાજ્યમાં જિલ્લા કક્ષાની કચેરીઓને માહિતગાર કરવામાં આવેલ છે.

૫. અત્રેના વિભાગના તા.૧૫/૦૨/૨૦૨૩ના સરખા ક્રમાંકના પત્રથી તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને વિદ્યાર્થીઓના આધાર નંબર- બેંક ખાતા સાથે લીંક કરવા બાબતે તેમજ લીંક કરવાની સાથોસાથ DBT Payment Enable કરવામાં આવે તે અંગે સંબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવેલ હતુ.

૬. પરંતુ, જિલ્લા કક્ષાએથી મળેલ પ્રતિસાદ મુજબ આધાર નંબર – બેંક ખાતુ લીંક કરાવવાની પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓમાં કે તેમના વાલીઓમાં જાગૃત્તિ ઓછી હોવાથી તથા કેટલાક કિસ્સાઓમાં બેંક કક્ષાએથી કાર્યવાહી અપૂર્ણ / પડતર રહેવાથી તથા સંબંધિત બેંકમાં આધાર નંબર – બેંક ખાતા સાથે ખરેખર લીંક થયેલ છે કે કેમ /Aadhar DBT Enable થયેલ છે કે કેમ તે બાબતે અનિશ્ચિતતાઓ હોવાથી આધારનંબર -બેંક ખાતુ લીંક કરવાની કામગીરી પૂર્ણ થવામાં સમય લાગી રહેલ છે. આથી, ઉક્ત બાબતે આપની કક્ષાએથી તમામ સંબધિત કચેરીઓ તેમજ સંબધિત બેંકો દ્વારા અનુસૂચિત જાતિના તમામ વિદ્યાર્થીઓના આધાર નંબર-બેંક ખાતા સાથે લીંક થઇ જાય /Aadhar DBT Enable થઇ જાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

૭. આમ, કેન્દ્ર સરકારશ્રીની અદ્યતન સૂચનાઓ મુજબ વર્ષ: ૨૦૨૨-૨૩થી શિષ્યવૃત્તિનું ચુકવણું માત્ર આધારબેઝ્ડ એટલે કે આધાર નંબર સાથે જે બેંક ખાતુ લીંક થયેલ હોય તે જ ખાતામાં કરવાની રહે છે. તેમ છતાં, વિદ્યાર્થીઓના આધાર નંબર- બેંક ખાતુ લીંક કરવાની કામગીરી હજુ સુધી અપૂર્ણ રહેવાના કારણોસર ઘણા લાભાર્થીઓને હજુ સુધી વર્ષ ૨૦૨૨-૨૩ની શિષ્યવૃત્તિનું ચૂકવણું થઇ શકેલ

Scanned with CamScanner